# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૩ તા.૧૩-૦૨-૨૦૨૪

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ધો. ૧ અને ૨માં નિદાન કસોટી અને સઘન ઉપચારત્મક શિક્ષણ કાર્યક્રમ યોજવા બાબત.
સંદર્ભઃ- જી.સી.ઈ.આર.ટી.,ગાંધીનગર ના પત્ર ક્રમાંકઃ GCERT/C&E/નિપુણ/૪૭૫૭- ૪૮૩૭, તા. ૧૩-૦૨-૨૦૨૪

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મ્યુનિ. શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો વાંચન, લેખન અને ગણનમાં મૂળભૂત કૌશલ્યો આવડતા હોય તે અનિવાર્ય છે. વર્ષ ૨૦૧૮-૧૯ થી રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા 'નિપુણ ભારત મિશન' અંતર્ગત પણ આ બાબત પર ખૂબ ભાર મુકવામાં આવ્યો છે. સ્કૂલ બોર્ડ દ્વારા વિશેષ કાર્યક્રમ ચલાવી આ કાર્યક્રમ સફળ થાય તે માટે આગવું આયોજન કરેલ છે.

વર્ષ ૨૦૨૩-૨૪ અંત સુધીમાં ધો. ૧ અને ૨ નું પ્રત્યેક બાળક ધોરણ અનુરૂપ વાંચન, લેખન અને ગણન કૌશલ્ય હસ્તગત કરે તે માટે સઘન ઉપચારત્મક શિક્ષણ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો છે. શિક્ષકો પ્રત્યેક અધ્યયન નિષ્પતિ માટે બાળક દીઠ વ્યક્તિગત ઉપચારત્મક શિક્ષણ કાર્યક્રમ કરાવી શકે તે માટે બાળક દીઠ જરૂરિયાત જાણવા માટે આગામી ૨૬ ફેબ્રુઆરી થી ૨ માર્ચ દરમ્યાન ધો. ૧ અને ૨ ના તમામ બાળકો માટે નિદાન કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. દરેક વિદ્યાર્થીની અધ્યયન નિષ્પતિ દીઠ પરફોર્મન્સની ડેટા એન્ટ્રી વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા ઉપલબ્ધ 'ક્ષમતા' એપ્લિકેશનમાં કરવાની રહેશે. આ અંગેની વિગતવાર સુચનાઓ, માર્ગદર્શન અને અન્ય માહિતી તા.૧૫-૦૨-૨૦૨૪ ના રોજ સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ દરમ્યાન યોજાનાર ટેલિકોન્ફરન્સ દ્વારા આપવામાં આવશે.આ ટેલિકોન્ફરન્સમાં ધો.૧ અને ૨ ના શિક્ષકો, મુખ્ય શિક્ષકો, સી.આર.સી.કો.ઓ., યુ.આર.સી.કો.ઓ., બી.આર.પી., સુપરવાઈઝરશ્રીઓ અને નૂતન તાલીમ વિભાગના અધ્યાપકશ્રીઓએ નિહાળવાની રહેશે.

નિદાન કસોટી પૂર્ણ થયેથી તા.૦૪-૦૩-૨૦૨૪ થી તા. ૩૦-૦૪-૨૦૨૪ દરમ્યાન તમામ શાળાઓમાં સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્ય હાથ ધરવાનું રહેશે. જેનો અહેવાલ, પત્રક અને ડેટાબેઝ અલગથી નિભાવવાનો રહેશે.

તા.૧૩-૦૨-૨૦૨૪

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી